**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

================================================================

**ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે**

**ફર્સ્ટ અપીલ નં. ૧૩૨૫/૨૦૦૩**

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તી શ્રી એસ.જી.શાહ** **સહી/-**

================================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના રિપોર્ટરોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | **હા** |
| ૨ | રિપોર્ટરને સોંપી શકાય કે નહીં? | **હા** |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | **ના** |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર સવાલનો સમાવેશ થાય છે? | **ના** |

================================================================

ન્યૂ ઈન્ડિયા એસ્યુરન્સ કંપની લિમિટેડ... અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

નૂરમમદ લખિયાર જાટ અને ૩... સામાવાળા(ઓ)

================================================================

ઉપસ્થિતિ:

અપીલકર્તા(ઓ) નં.૧ તરફે વકીલ શ્રી પલક એચ. ઠક્કર

સામાવાળા(ઓ) નં.૧-૨ તરફે વકીલ શ્રી હેમલ શાહ

સામાવાળા(ઓ) નં.૪ તરફે રૂલની બજવણી કરવામાં આવી.

================================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તી શ્રી એસ.જી.શાહ**

**તારીખઃ ૧૪/૦૩/૨૦૧૭**

**CAV ચુકાદો**

૧. અપીલકર્તા – વીમા કંપની તરફે વિદ્વાન એડવોકેટ શ્રી પલક એચ. ઠક્કર અને મૂળ દાવેદારો એવા સામાવાળા નંબર ૧ અને ૨ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી હેમલ શાહને સાંભળવામાં આવ્યા. સામાવાળા નંબર ૩ ને રદ કરવામાં આવેલ છે જ્યારે સામાવાળા નંબર ૪ કે જે વાહનના માલિક છે તેઓને યોગ્ય રીતે બજવણી થયેલ હોવા છતાં ગેરહાજર રહેલ છે.

૨. માર્ગ અકસ્માતમાં સંકળાયેલા વાહનની વીમા કંપનીએ મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ (ઓક્સ–I), કચ્છ @ ભુજ દ્વારા મોટર અકસ્માત દાવો અરજી નંબર ૩૧૧/૧૯૯૪ માં તારીખ ૨૩.૧.૨૦૦૩ ના રોજ આપવામાં આવેલ ચુકાદા અને એવોર્ડને પડકાર્યો છે. આવા વાદગ્રસ્ત ચુકાદા અને એવોર્ડ દ્વારા, ટ્રિબ્યુનલે અપીલકર્તાને દાવો અરજી સબમિટ કર્યાની તારીખ એટલે કે ૪.૬.૧૯૯૪ થી રકમ ચૂકવવામાં આવે ત્યાં સુધી ૯% વ્યાજ અને આ પ્રકારના મુકદ્દમાના પ્રમાણસર ખર્ચ સાથે વળતર પેટે રૂ. ૧,૫૦,૦૦૦/– ની રકમ ચૂકવવાનો આદેશ આપ્યો છે.

૩. વળતરની આવી રકમ અણઉકેલાયેલી હકીકતને કારણે એનાયત કરવામાં આવી હતી કે તારીખ ૨૧.૧.૧૯૯૪ ના રોજ, જ્યારે પીડિતા અને તેના પિતા સુભાષપુરા તરફ જઈ રહ્યા હતા, ત્યારે ટ્રક નંબર GQY−4635 ના ડ્રાઈવરે તેને રફ શૈલીમાં, બેદરકારીપૂર્વક અને વધુ પડતી ઝડપે હંકારી હતી અને તેથી, ટ્રક પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું જે પીડિતા સમોતીબાઈ નૂરમમદ જાટ સાથે અથડાઈ હતી જેના પરિણામે તેને ગંભીર ઈજાઓ થઈ હતી જેના કારણે તેણીનું મૃત્યુ થયું હતું. આ ઘટના સમયે, મૃતક પીડિતાની ઉંમર આશરે ૧૨ વર્ષની હતી અને તે સુંદર શરીર અને સારા સ્વાસ્થ્ય ધરાવતી હતી અને તે ભરતકામ અને ગૂંથણકામનું કામ કરતી હતી અને દર મહિને રૂ. ૪૫૦/− કમાતી હતી. પુરાવા નોંધ્યા પછી અને ઉપલબ્ધ પુરાવાઓની ચકાસણી કર્યા પછી, ટ્રિબ્યુનલે પીડિતાના માતા−પિતા એવા દાવેદારો / સામાવાળાઓને રૂ. ૧,૫૦,૦૦૦/− એનાયત કર્યા છે, એ ધ્યાનમાં રાખીને કે પીડિતા દર મહિને રૂ. ૪૫૦/− કમાતી હતી અને, તે રીતે વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/− ની કાલ્પનિક આવક ગણીને ૧૫ નો યોગ્ય ગુણક લાગુ કરીને અને અંગત ખર્ચ માટે ૧/૩જી રકમ બાદ કરીને. તેથી, રૂ. ૨,૨૫,૦૦૦/− (રૂ. ૧૫,૦૦૦/− X ૧૫) ના કુલ સરવાળામાંથી, ૧/૩જી રકમ બાદ કરવામાં આવે છે અને તેથી રૂ. ૧,૫૦,૦૦૦/− એનાયત કરવામાં આવે છે. ચુકાદાના અવલોકનથી સ્પષ્ટ થાય છે કે બિન−નાણાકીય નુકસાની જેવા અન્ય મથાળા હેઠળ આગળ કંઈપણ એનાયત કરવામાં આવ્યું નથી.

૪. વિદ્વાન એડવોકેટ શ્રી પી.એચ. ઠક્કરે દલીલ કરી છે કે જો પીડિતાની માસિક આવક ધ્યાનમાં લેવામાં આવે, તો વધુમાં વધુ, દાવેદારો મહત્તમ વળતર તરીકે માત્ર રૂ. ૧,૩૭,૯૦૦/– અથવા વ્યાજબી અને યોગ્ય વળતર તરીકે ઓછામાં ઓછા રૂ. ૧,૨૭,૯૦૦/– મેળવવા માટે હકદાર છે. તેથી, માત્ર રૂ. ૨૫,૦૦૦/– થી પણ ઓછો તફાવત છે અને જો આપણે અપીલકર્તાની સબમિટ કરેલી દલીલો અનુસાર પણ યોગ્ય ગણતરી ધ્યાનમાં લઈએ તો તફાવત વ્યવહારીક રીતે માત્ર રૂ. ૧૨,૦૦૦/– પૂરતો જ મર્યાદિત છે.

૫. તેથી, આ તબક્કે રૂ. ૧,૫૦,૦૦૦/– ના આવા એવોર્ડમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ નથી, કારણ કે ટ્રિબ્યુનલ દ્વારા એનાયત કરાયેલ વળતર તેનાથી વિપરીત નીચલી બાજુએ છે.

૬. આ વિષય પર નીચેના નિર્ણયો યાદ કરવા યોગ્ય રહેશે:

**(એ) એ.આઇ.આર. ૨૦૦૭ એસ.સી.સી. ૩૨૪ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ વિ. સતંદર ની વચ્ચે** જેમાં માનનીય સર્વોચ્ચ અદાલતે ૯ વર્ષના બાળકના મૃત્યુ માટે રૂ. ૧,૫૦,૦૦૦/– એનાયત કર્યા હતા.

**(બી) એ.આઇ.આર. ૨૦૦૯ એસ.સી.સી. ૨૫૦૬ આર.કે. મલિક વિ. કિરણપાલ ની વચ્ચે** જેમાં ૧૦–૧૫ વર્ષની વય જૂથના બાળકોના આશ્રિતોને રૂ. ૧,૫૦,૦૦૦/– અને ૧૫–૧૮ વર્ષની વય જૂથના બાળકોના આશ્રિતોને રૂ. ૧,૬૫,૦૦૦/– ના એવોર્ડની પુષ્ટિ કરતી વખતે, માનનીય સર્વોચ્ચ અદાલતે પુષ્ટિ કરી છે કે પીડિત બાળકના માતા–પિંતા ઉપરોક્ત વળતર ઉપરા ત રૂ. ૭૫,૦૦૦/– ની બિન–નાણાકીય નુકસાની મેળવવા માટે હકદાર છે. તેથી, ૧૦–૧૫ વર્ષની વય જૂથ માટે, માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા પુષ્ટિ કરાયેલ કુલ રકમ રૂ. ૨,૩૩,૦૦૦/– છે.

**(સી) એ.આઇ.આર. ૨૦૧૪ એસ.સી.સી. (સપ્લી) ૧૭૩ કિશન ગોપાલ વિ. લાલાની વચ્ચે** જેમાં માનનીય સર્વોચ્ચ અદાલતે ૧૦ વર્ષના બાળકના મૃત્યુ માટે રૂ. ૫,૦૦,૦૦૦/– એનાયત કર્યા છે.

**(ડી) ૨૦૧૪ એસ.સી.સી. (વીકલી) ૫૪૮ રાધાકૃષ્ણ વિ. ગોકુલની વચ્ચે** જેમાં માનનીય સર્વોચ્ચ અદાલતે ૧૯ વર્ષના વિદ્યાર્થીના મૃત્યુ માટે રૂ. ૭,૦૦,૦૦૦/– એનાયત કર્યા છે.

૭. ઉપરોક્ત હકીકતો અને સંજોગો અને ટાંકેલા કેસોને ધ્યાનમાં રાખીને, વીમા કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી આ અપીલમાં વળતરની રકમ રૂ. ૧,૫૦,૦૦૦/- થી ઘટાડીને સુચવ્યા મુજબ રૂ. ૧,૨૭,૯૦૦/- કરવા માટે મને કોઈ કારણ કે વજૂદ જણાતું નથી. તેનાથી વિપરીત, એવોર્ડ નીચલી બાજુએ છે અને, તેથી, જ્યારે અપીલકર્તા દ્વારા સૂચવેલ વળતર અને ટ્રિબ્યુનલ દ્વારા એનાયત કરાયેલ વળતર વચ્ચે તફાવત પણ વધુ નથી, ત્યારે મને કોઈપણ રીતે વાદગ્રસ્ત ચુકાદામાં હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ જણાતું નથી. તેથી, હાલની અપીલમાં કોઈ વજૂદ નથી અને તેથી તે રદ કરવામાં આવે છે.

**સહી/-**

**(એસ. જી. શાહ, ન્યાયમૂર્તી)**

**વત્સલ*

Translation of this judgment is provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.


==========================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.